કોવિડ-૧૯ મહામારી અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપવા અંગે...

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૮૦૨૦૨૧/૩૭૧૯/પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩.૦૭.૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ ગાં.મ.ન.પા./મિલકતવેરા/૭૮૨/૨૦૨૧.

(૨) આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો ઇ-મેઇલ પત્ર.

(૩) આસીસ્ટન્ટ કમિશનરશ્રી(ટેક્સ), જામનગર મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ જેએમસી/ટેક્સ/૪૬/૧૦૫/૨૦૨૧-૨૨.

(૪) સહાયક કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ ઘ.મ.જા.નં.૯૦૩.

(૫) નાયબ કમિશનરશ્રી, જૂનાગઢ મહાનગરપાલિકાનો તા.૦૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ જૂ.મ.ન.પા./એ.ડી.એમ./હા.ટે./જા.નં.૯૪.

(૬) આસીસ્ટન્ટ કમિશનર અને ઇ.ચા. ડે.મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો તા.૧૦.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ એ.આર.ડી.નં/સે.સેલ/૭૧.

(૭) કમિશનરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગરનો તા.૧૦.૦૬.૨૦૨૧નો ઇ-મેઇલ.

(૮) ઇન્ચાર્જ એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તા.૧૦.૦૬.૨૦૨૧નો ઇ-મેઇલ.

(૯) કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો તા.૧૧.૦૬.૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ રા.મ.ન.પા./ટેક્સ/જા.નં.૭૨.

આમુખઃ-

માન.મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ કોર કમિટીની બેઠકમાં કોવિડ-૧૯ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્ક્સ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી એક વર્ષના સમય માટે પ્રોપર્ટી ટેક્ષમાંથી મુકિત આપવા બાબતે થયેલ નિર્ણય અન્વયે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) થી (૯) મુજબ રાજ્યની મહાનગરપાલિકાઓ અને

કમિશનરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન પાસેથી હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમની પ્રોપર્ટી ટેક્સની વિગતો મેળવેલ જે મુજબ તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધીમાં મહાનગરપાલિકાઓ માટે રૂ.૭૭.૭૧૮ કરોડ (અંકે રૂપિયા સિત્યોતેર કરોડ ઇકોતેર લાખ એંશી હજાર પુરા) અને નગરપાલિકાઓ માટે રૂ.૮.૦૮૦ કરોડ (અંકે રૂપિયા આઠ કરોડ આઠ લાખ પુરા) એમ કુલ રૂ.૮૫.૭૯૮ કરોડ (અંકે રૂપિયા પંચ્યાસી કરોડ ઓગણાએંશી લાખ એંશી હજાર પુરા) પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવાની અને તેટલી રકમ મહાનગરપાલિકાઓને અને નગરપાલિકાઓને પરત આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશીયમને પ્રોપર્ટી ટેક્સમાં મુક્તિ આપવામાં આવેલ છે. જે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને નીચે મુજબની કુલ રૂ.૮૫.૭૯૮ કરોડ (અંકે રૂપિયા પંચ્યાસી કરોડ ઓગણાએંશી લાખ એંશી હજાર પુરા)ની આવક ઓછી થતા તેટલી રકમ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ફાળવવા સહાય/ગ્રાન્ટ તરીકે એટલે કે, મહાનગરપાલિકાઓ માટે રૂ.૭૭.૭૧૮ કરોડ (અંકે રૂપિયા સિત્યોતેર કરોડ ઇકોતેર લાખ એંશી હજાર પુરા) અને નગરપાલિકાઓ માટે રૂ.૮.૦૮૦ કરોડ (અંકે રૂપિયા આઠ કરોડ આઠ લાખ પુરા) એમ કુલ રૂ.૮૫.૭૯૮ કરોડ (અંકે રૂપિયા પંચ્યાસી કરોડ ઓગણાએંશી લાખ એંશી હજાર પુરા) આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલિકા | પ્રોપર્ટી ટેક્ષની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૭.૯૦૦/- |
| ૨ | સુરત | ૧૦.૬૬૦/- |
| ૩ | વડોદરા | ૧૦.૬૭૦/- |
| ૪ | રાજકોટ | ૩.૦૧૦/- |
| ૫ | જામનગર | ૦.૫૯૮/- |
| ૬ | ગાંધીનગર | ૧.૫૮૦/- |
| ૭ | જૂનાગઢ | ૦.૪૬૦/- |
| ૮ | ભાવનગર | ૨.૮૪૦/- |
| | મહાનગરપાલિકાનું કુલ | ૭૭.૭૧૮/- |
| | નગરપાલિકા ઝોન | |
| ૯ | અમદાવાદ | ૦.૮૨૪/- |
| ૧૦ | ગાંધીનગર | ૧.૩૩૩/- |

| | | |
|---|---|---|
| ૧૧ | વડોદરા | ૦.૯૯૫/- |
| ૧૨ | સુરત | ૦.૮૨૬/- |
| ૧૩ | રાજકોટ | ૩.૧૧૯/- |
| ૧૪ | ભાવનગર | ૦.૯૮૩/- |
| | નગરપાલિકાનું કુલ | ૮.૦૮૦/- |
| | એકંદરે કુલ | ૮૫.૭૯૮/- |

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫.૦૬.૨૦૨૧ અને સરકારશ્રીની તા.૧૬.૦૭.૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ ઝીંઝાલા)
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ, ગાંધીનગર.
- કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીઝ એડમીનીસ્ટ્રેશન, ગાંધીનગર.
- અધિક કમિશનરશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(બજેટ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ન.પા.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાદેશિક મ્યુનિસિપાલિટીઝ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને ભાવનગર.
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.